| | | | |
|---|---|---|---|
| રજુ તારીખ | ૩૦/૦૯/૨૦૨૨ | | |
| નોંધ્યા તારીખ | ૩૦/૦૯/૨૦૨૨ | | |
| ફેંસલ તારીખ | ૧૨/૧૧/૨૦૨૨ | | |
| સમય ગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૧ | ૧૩ |

સત્યમેવ જયતે

**બનાસકાંઠા જીલ્લાના મહેરબાન ત્રીજા એડીશનલ સેસન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં,**

**મુ. પા લ ન પુ ર.**

**ક્રિમીનલ અપીલ નં.૧૧૯/૨૦૨૨**

**આંક :-**

**<u>એપેલેન્ટ</u>** :- **ભગવાનજી ડાહ્યાજી ચૌહાણ,**
**(મુળ આરોપી)** ઉ.વ.આ.૪૦, ધંધો-મજુરી,
રહે.મુ.પો.આગથળા, તા.લાખણી,
જિલ્લો-બનાસકાંઠા.

**<u>વિ રૂ દ્ધ</u>**

**<u>રીસ્પોન્ડન્ટ</u>** :- (૧) **શ્રી સ ર કા ર.**
(નોટીસ મુખ્ય સરકારી વકીલને બજાવવી)
(૨) **આઈ.સી.આઈ.સી.આઈ.બેન્ક લીમી.**
**ઓર્થોરાઈઝડ ઓફીસર,**
**ભરત શાંતિજી ઘર્માજી ઠાકોર,**
ઉ.વ.આ.૩૬, ધંધો-નોકરી,
હે.ડીસા, તા.ડીસા, જિ.બનાસકાંઠા.
મો.નં.૭૫૭૩૯૩૯૭૯૦.

-----------------------------------------

**<u>બાબત :-</u>** વિ.ત્રીજા જયુડી.મેજી.ફ.ક.શ્રી, પાલનપુરનાઓએ ફોજદારી કેસ નંબર-૨૧/૨૦૨૧, ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબના ગુનાના કામે તા.૨૨/૬/૨૦૨૨ના રોજ કરેલ હુકમ સામે ક્રિ.પ્રો. કોડની કલમ-૩૭૪ મુજબ અપીલ.

એપેલેન્ટ તર્ફે વિ.વ.શ્રી બી.પી.રણાવાસીયા.
રીસ્પોન્ડન્ટ નં.(૧) તર્ફે બેન્કના અધિકૃત ભરત શાંતીજી ઠાકોર પોતે જાતે.
રીસ્પોન્ડન્ટ નં.(૨) તર્ફે વિ.જી.પી.શ્રી એન.એમ.જોષી.

## -// ચુકાદો //-

(૧) એપેલેન્ટે હાલની આ અપીલ વિ.ત્રીજા જયુડી.મેજી.ફ.ક.શ્રી, પાલનપુરનાઓએ ફોજદારી કેસ નંબર-૨૧/૨૦૨૧ના કામે આ કામના એપેલેન્ટ/મુળ આરોપીને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબના શિક્ષાપાત્ર ગુનામાં ક્રિ. પ્રો. કોડની કલમ-૨૫૫(૨) મુજબ તકસીરવાન ઠરાવી એક (૧) વર્ષની સાદી કેદની સજા અને સી.આર.પી.સી. કલમ-૩૫૭(૩) અન્વયે ચેકમાં દર્શાવેલ રકમ રૂા.૨,૧૩,૪૯૮/- (અંકે રૂપીયા બે લાખ તેર હજાર ચારસો અઠ્ઠાણુ પુરા)ની રકમ ફરીયાદીને દિન-૩૦માં વળતર તરીકે ચુકવી આપવાનો અને તેમ કરવામાં કસુર થયેથી આરોપીને વધુ ત્રણ માસની સાદી કેદની સજાનો હુકમ તા.૨/૦૬/૨૦૨૨ના રોજ કરેલ. તે હુકમથી નારાજ થઈને એપેલેન્ટે હાલની આ અપીલ ક્રિ.પ્રો.કોડની કલમ-૩૭૪ મુજબ અત્રેની અદાલતમાં દાખલ કરેલ છે. તેમજ આ અપીલના સમર્થનમાં આંક-૪ના દસ્તાવેજી લીસ્ટ તળે ની.૪/૧ થી ક્રિમી. કેસ નં.૨૧/૨૦૨૧ના કામે કરેલ હુકમની સર્ટી. નકલ, ની.૪/૨થી વિ.ટ્રાયલ કોર્ટે કારાવાસમાં મોકલવાનુ ભરેલ વોરંટની સર્ટી.નકલ, ની.૪/૩ થી ફરીયાદી બેન્ક દ્વારા આરોપીને આપેલ નો-ડયુ સર્ટીફિકેટ (એન.ઓ.સી.)ની

ઝે. નકલ, ની.૪/૪થી આરોપીની ખેતીની જમીનમાં બોજા મુકિતની નોંધ નં.૫૦૩૭ની ઝે.નકલ દસ્તાવેજી આધારો તરીકે રજુ રાખેલ છે.

(૨) એપેલેન્ટ/આરોપીની અપીલ દાખલ થતા રીસ્પોન્ડન્ટ/મુળ ફરીયાદી તર્ફે બેન્કના અધિકૃત ભરત શાંતીજી ઠાકોર પોતે હાજર થયેલા છે. અત્રે ફરીયાદી બેન્ક ધ્વારા આરોપીને આપેલ નો–ડયુ સર્ટીફિકેટ (એન.ઓ.સી.)ની ઝે. નકલ ધ્યાને રાખતા આ કામના મુળ અરજદારે મુળ ફરીયાદી બેન્કને ચુકવવા પાત્ર થતી પુરેપુરી રકમ ચુકવી આપેલ હોવાની હકિત ફલિત થાય છે.

(૩) એપેલેન્ટ તર્ફે વિ.વ.શ્રી બી.પી.રણાવાસીયાએ તેમની દલીલો દરમ્યાન જણાવેલ છે કે, ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કલમ–૧૩૮ મુજબનો ગુનો આર્થિક ગુનો છે અને તકરારી ચેક ડિસ ઓનર થયા બાદ અપીલના કામે બન્ને પક્ષકારો વચ્ચે સમાધાન થયેલ હોઈ, હાલના કામે દંડની રકમમાં માફી આપવા હુકમ કરવા અરજી ધ્યાને લેવા વિનંતી કરેલ છે. તેમજ મુળ ફરીયાદી બેન્કને તમામ રકમ મળી ગયેલી છે. તેમજ નામ. અપીલ અદાલત પણ અપીલના તબકકે સમાધાન થતુ હોય ત્યારે, પક્ષકારોને અપીલ અદાલતે સમાધાન કરવા માટે ન્યાયના વિશાળ હીતમાં તેમ કરવા દેવુ જોઈશે. જેથી અપીલના તબકકે સમાધાન થતુ હોઈ નિર્દોષ ઠરાવી છોડી મુકવા અને એપેલેન્ટને મુકત કરવા અરજ કરેલ છે. તેમજ તેમની દલીલના સમર્થનમાં નામ.સુપ્રિમકોર્ટના શ્રી દામોદર એસ.પ્રભુનો ચુકાદા ઉપર આધાર રાખેલો છે.

(૪) રીસ્પોન્ડન્ટ નં.(૧) તર્ફે વિ.જી.પી.પી.શ્રી એન.એમ.જોષીએ તેમની દલીલમાં

જણાવેલ છે કે, બન્ને પક્ષકારો વચ્ચે સમાધાન થયેલ હોઈ, કાયદા મુજબ યોગ્ય હુકમ કરવા અરજ ગુજારેલ છે.

(૫) ઉપરોકત બન્ને પક્ષકારોની રજુઆતો સાથે વિ.ટ્રાયલ કોર્ટે ફોજદારી કેસ નંબર–૨૧/૨૦૨૧ના કામે આ કામના એપેલેન્ટ/મુળ આરોપીને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના શિક્ષાપાત્ર ગુનામાં ક્રિ. પ્રો. કોડની કલમ–૨૫૫(૨) મુજબ તકસીરવાન ઠરાવી ૧(એક) વર્ષની સાદી કેદની સજા અને સી.આર.પી.સી. કલમ–૩૫૭(૩) અન્વયે ચેકમાં દર્શાવેલ રકમ રકમ રૂા.૨,૧૩,૪૯૮/–(અંકે રૂપીયા બે લાખ તેર હજાર ચારસો અઠ્ઠાણુ પુરા)ની રકમ ફરીયાદીને દિન–૩૦માં વળતર તરીકે ચુકવી આપવાનો અને તેમ કરવામાં કસુર થયેથી આરોપીને વધુ ત્રણ માસની સાદી કેદની સજાનો હુકમ તા.૨/૬/૨૦૨૨ના રોજ કરેલ તથા એપેલેન્ટ તરફથી આંક–૪ના દસ્તાવેજી લીસ્ટ તળે રજુ રાખેલ દસ્તાવેજી આધારો પૈકી બેન્ક ધ્વારા આરોપીને આપેલ નો–ડયુ સર્ટીફિકેટ (એન.ઓ.સી.)ની ઝે. નકલ ધ્યાને રાખતા આ કામના મુળ અરજદારે મુળ ફરીયાદી બેન્કને ચુકકવવા પાત્ર થતી પુરેપુરી રકમ ચુકવી આપેલાની હકિકત રેકર્ડ ઉપરથી ફલિત થાય છે. તેમજ આ હકિકતને ની.૪/૪ થી આરોપીની ખેતીની જમીનમાં બોજા મુકિતની નોંધ નં.૫૦૩૭ની ઝે.નકલ ધ્યાને રાખતા પુરતુ સમર્થન મળી રહેલુ છે. તેમજ અરજદાર તરફથી દંડની રકમ ભરવામાંથી માફી આપવા બાબતેની અરજ ધ્યાને રાખતા એપેલેન્ટ/મુળ આરોપી અને સામાવાળા નં.(૨)/મુળ ફરીયાદી બેન્ક વચ્ચે આપસ–આપસમાં રાજીખુશીથી સંમિતથી સમાધાન થઈ ગયેલ છે. તેમજ વધુમાં જણાવ્યા મુજબ એપેલેન્ટ ગરીબ વર્ગના ઈસમ છે. તેમજ મજુરી કરી તેમના કુટુંબનુ ગુજરાન ચલાવી રહેલ છે. તેમજ એપેલેન્ટે તેમના સગા સબંધીઓ પાસેથી હાથઉછીના

વ્યાજે નાણા લઈ સદરહુ કામની ચેકની લ્હેણી રકમ રીસ્પોન્ડન્ટને ચુકવેલ છે. તેમજ એપેલેન્ટને આવકનુ કોઈ પર્યાપ્ત સાધન નથી. આમ અરજદાર તર્ફે ઉકત હકિકતો જણાવી, તેમજ નામદાર સર્વોચ્ચ અદાલતના દામોદર એસ. પ્રભુ વિ. સૈયદ બબલાલ એચ.ના ચુકાદાના સિધ્ધાંત તથા ગાઈડલાઈન મુજબ સમાધાનના કિસ્સામાં તેઓને હાલના તબકકે થયેલ દંડ ન કરવા, તેમજ વિ.ટ્રાયલ કોર્ટે કરેલ સજાનો હુકમ રદ્દ કરી અરજદારને નિર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ થવા અરજ કરેલી છે.

(૬) આ કામે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટના પ્રબંધો ધ્યાને લેતા, સદર એકટમાં થયેલ સુધારા મુજબ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કલમ–૧૩૮ મુજબના શિક્ષાપાત્ર ગુનાને સમાધાનપાત્ર ગુનો ગણવામાં આવેલો છે. જો અપીલ અદાલત સમક્ષ પણ સમાધાન થાય તો પણ સમાધાન અન્વયે અપીલનું પરીણામ લાવી શકાય છે. હાલની આ પ્રસ્તૃત અપીલના કામે એપેલેન્ટે મુળ ફરીયાદીને વિ.ટ્રાયલ કોર્ટે હુકમ કર્યા મુજબના નાણા ચુકવી આપેલ છે. તેમજ તેમની સાથે એપેલેન્ટને સમાધાન થઈ ગયેલુ છે. આમ એપેલેન્ટે નાણા ચુકવી આપીને મુળ ફરીયાદી બેન્ક સાથે સમાધાન કરેલ છે અને તે અન્વયે ફરીયાદી બેન્કને નાણા મળી ગયેલા છે, તેથી એપેલેન્ટનો ઈરાદો સામાધાન અન્વયે હાલની અપીલનો નિકાલ કરવાનો હોય તેવુ જણાય છે, ત્યારે આ તબકકે નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા દામોદર એસ.પ્રભુ વિ. સૈયદ બબલાલ એચ.ના કેસમાં ક્રિમીનલ અપીલ નં.૯૬૩/૨૦૧૦ તથા નં.૯૬૪/૨૦૧૦ના કામે જે નિર્ણય કરેલો છે, તે એ.આઈ.આર. ૨૦૧૦ સુપ્રિમ કોર્ટ, પાના નં.૧૯૦૭ ઉપર રીપોર્ટ થયેલ છે. તેમાં નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા જે ગાઈડ લાઈન આપવામાં આવી છે, તે ધ્યાને લેતા....

That directions can be given that the Writ of Summongs be suitably modified making it clear to the accused that he could make an application for compounding of the offences at the first or second hearing of the case and that if such an application is made, compounding may be allowed by the court without imposing aby costs on the accused....

impect of the offence is largely confined to the private parties. Even though the imposition of costs by the competent court is a matter of discretion, the scale of costss has been suggested in the interest of uniformity. The competent Court can of course reduce the costs with regard to the specific facts and circumstances of a case, while recording reasons in writing for such variance. Bona fide litigants should of course contest the proceedings to their logical end...

ઉકત પ્રમાણેનો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે ત્યારે આ ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતની સાથે એપેલેન્ટ તર્ફે વિ.વ.શ્રીની રજુઆત મુજબ તેમજ અરજદાર તર્ફેની રજુ થયેલ દંડની રકમમાં માફી આપવા હુકમ કરવા બાબતેની અરજીમાં જણાવ્યા મુજબ એપેલેન્ટ/આરોપી ગરીબ અને નાના વર્ગના ઈસમ છે. તેમજ હાલમાં મજુરી કરી તેમના કુટુંબનુ ભરણપોષણ કરે છે. તેમજ એપેલેન્ટે વ્યાજે નાણા લઈ તેમજ તેમના સગા સબંધીઓ પાસેથી હાથ ઉછીના નાણા લઈ સદરહુ રકમ રીસ્પોન્ડન્ટને ચુકવેલ છે. તેમજ એપેલેન્ટને આવકનુ કોઈ સાધન નથી, તેવી હકિકતો સંદર્ભેની અરજ ગ્રાહય

રાખી તે સમગ્ર સંજોગો, પરીબળો અને રેકર્ડકીય ઉપલબ્ધ હકિકતોની સમીક્ષાને અંતે ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-// આખરી હુકમ //-**

(૧) એપેલેન્ટની હાલની આ અપીલ મંજુર કરવામાં આવે છે.

(૨) વિ.ત્રીજા જયુ.મેજી.ફ.ક.શ્રી, પાલનપુરનાઓએ ફોજદારી કેસ નંબર-૨૧/૨૦૨૧ના કામે આ કામના એપેલેન્ટ/મુળ આરોપીને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબના શિક્ષાપાત્ર ગુનામાં ક્રિ.પ્રો.કોડની કલમ- ૨૫૫(૨) મુજબ તકસીરવાન ઠરાવી ૧(એક) વર્ષની સાદી કેદની સજા અને સી.આર.પી.સી. કલમ-૩૫૭(૩) અન્વયે ચેકમાં દર્શાવેલ રકમ રૂા.૨,૧૩,૪૯૮/- (અંકે રૂપીયા બે લાખ તેર હજાર ચારસો અઠ્ઠાણુ પુરા)ની રકમ ફરીયાદીને દિન-૩૦માં વળતર તરીકે ચુકવી આપવાનો અને તેમ કરવામાં કસુર થયેથી આરોપીને વધુ ત્રણ માસની સાદી કેદની સજાનો હુકમ તા.૨/૬/૨૦૨૨ના રોજ કરેલ હુકમ આથી રદ્દ ફરમાવવામાં આવે છે અને એપેલેન્ટ (મુળ આરોપીને) ગુના સબબ છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) હુકમની જાણ તથા અમલવારી સારૂ વિ.સબંધિત કોર્ટને યાદી કરવી.

(૪) ક્રિ.પ્રો.કોડની કલમ-૪૩૭(એ) મુજબ ભવિષ્યમાં આ હુકમ સામે કોઈપણ પ્રકારની કાયદાકીય કાર્યવાહિ થાય તેવા સંજોગોમાં એપેલેન્ટની હાજરીની નિશ્ચીતતા સારૂ એપેલેટ તર્ફે રૂા.૧૫,૦૦૦/-ના પાકા સધ્ધર તથા તેટલીજ રકમના જાતમુચરકા રજુ કરવા.

આ હુકમ આજરોજ તારીખ-૧૨, માહે-નવેમ્બર, સને-૨૦૨૨ના રોજ નેશનલ લોક અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

પાલનપુર.
તા.૧૨/૧૧/૨૦૨૨

(જતીન નટવરલાલ ઠકકર)
ત્રીજા એડીશનલ સેશન્સ જજ,
બનાસકાંઠા - પાલનપુર.
(કોડ નં.જી.જે.૦૦૫૪૨)